ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૭ ટકા

# જુના સચિવાલયમાં જ કોવિડ-૧૯ ગાઈડલાઈનના ધજાગરા!!

## સરકારે કાર્ડ સ્વાઈપ અને થમ્બ ઈમ્પ્રેશનમાંથી મુકિત જાહેર કરી હોવા છતાં બ્લોક નં.૫ આરોગ્ય વિભાગમાં ધરાર શરૂ કરી દેવાયું : સવાર-સાંજ કર્મચારીઓના આવાગમન સમયે જામતી ભીડ : આશરે ૧૦૦થી વધુ કર્મચારીઓ ૧૫ મિનિટમાં એક જ સ્કેનર પર વારાફરતી થમ્બ ઈમ્પ્રેશન આપે છે

ગાંધીનગર, તા.૧૫

કોરોના વાયરસ સંક્રમણના વધતા કેસોથી સરકાર તો ચિંતિત છે અન નાગરિકો પણ ચિંતિત છે પરંતુ આ સંક્રમણ વધતું અકેતે માટે જેની ગાઈલાઈનનું સરકારથઈ મંડીને નાગરિકોનેપાલન કરાવવાનું જે કામ કરે છે તે આરોગ્ય ભિાગ જ જાણે નિશ્ચિંત હોય તેવું જણાઈ રહ્યું છે. રાજયના પાટનગર ગાંધીનગમરાં જ જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૫ ખાતેની આરોગ્ય વિબાગની કચેરીએ દિવસમાં બે વાર સોસ્યલ ડિસ્ટન્સ સહિત સરકારના 'થમ્બ ઈમ્પ્રેશન' નહીં લેવાના પરિપત્રનું છડેચોક ઉલ્લંઘન થતું જોવા મળી રહ્યું છે. છેલ્લા ચારેક દિવસથી આ બ્લોકમં ફરી શરૂ કરાયેલી થમ્બ ઈમ્પ્રેશન લેવાની કાર્યવાહી પછી આ વિભાગમાં બે કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયાં હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨૭મી નવેમ્બરે સચિવાલયના સર્વે વિભાગે માટે એક પરિપત્ર જાહેર કર્યો હતો જેમાં કોવિડ-૧૯નું સંક્રમણ ફેલાતું અટકાવવા તકેદારીના ભાગ રૂપે કર્મચારીઓની હાજરી માટે કાર્ડ સ્વાઈપ કરવામાંથી મુકિત આપવામાં આવી હતી. જેને તા. ૩૧મી ડિસેમ્બર સુધી અમલમાં મુકવાની સ્પષ્ટ સૂચના પરિપત્રમાં આપવામાં આવેલી છે. આમ છતાં, જેના માથે કોવિડ-૧૯ને અટકાવવાની વિશેષ જવાબદારી છે તેવા આરોગ્ય વિભાગમાં જ આ પરિપત્રનું છડે ચોક ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે અને દરરોજ સવારે આશરે ૧૦.૩૦ થી ૧૦.૪૦ દરમિયાન કર્મચારીઓના ઓફિસ આવવાના સમયે અને સાંજે ૬.૧૫ થી ૬.૩૦ દરમિયાન ઓફિસ છોડવાના સમયે કર્મચારીઓ-અધિકારીઓની રીતસર લાઈન લાગે છે. જેમાં સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતું નથી તેમજ કાર્ડ સ્વાઈપ કરવા સાથે થમ્બ ઈમ્પ્રેશન આપવા માટે એક પછી એક દરેક વ્યકિત એક જ જગ્યાએ અંગુઠો મુકે છે. જેમાં વચ્ચે સેનેટાઈઝ કરવાનો પણ અવકાશ રહેતો નથી. આ સ્થિતિના કારણે કોરોના સંક્રમણ વધુ ફેલાવાનો અને આરોગ્ય કર્મચારીઓ જ સ્પ્રેડર બનવાનો ભય રહેલો છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર આ પ્રથા ચારેક દિવસથી આરોગ્ય વિભાગના સીપીઓ નવનાથ નવાણેની મૌખિક સૂચનાથી શરૂ કરવામાં આવી છે જેના કારણે આ બ્લોકમાં કાર્યરત તમામ કર્મચારીઓ ચિંતિત બન્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર તાજેતરમાં જ આ વિભાગમાં બે કર્મચારીઓનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે જેઓ અત્યારે સારવાર હેઠળ છે.




### પોઈન્ટની બસોના નિયત સમયપત્રકને કારણે બંને ટાણે ભીડ થાય છે

સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા તા.૩૧મી ડિસેમ્બર સુધી સચિવાલયના તમામ વિભાગોમાં કાર્ડ સ્વાઈપ કરવામાંથી મુકિત આપવામાં આવી છે જે અંતર્ગત અન્ય તમામ વિભાગોમાં હાલ કાર્ડ સ્વાઈપ કરવામાં આવતું નથી. બ્લોક નં. ૫માં અંદાજે એકસોથી વધુ કર્મચારીઓ કાર્યરત છે અને કાર્ડ સ્વાઈપ કરતી વખતે કોમ્પ્યુરમાં આધાર નંબર નાંખીને થમ્બ ઈમ્પ્રેશન વેરિફિકેશન કરવામાં આવે છે જે માટે દરેક કર્મચારી થમ્બ સ્કેનર પર એક જ જગ્યાએ પોતાનો અંગુઠો વારાફરથી મુકે છે. પોઈન્ટની બસોના નિયત સમયપત્રકને કારણે મોટા ભાગના કર્મચારીઓ એક સાથે જ ઓફિસમાં આવે છે અને એક સાથે જ જાય છે તેથી આ પ્રક્રિયા સમયે આશરે ૧૫ મિનીટના સમય પુરતી ભીડ થઈ જાય છે અને તેજ સંક્રમણ ફેલાવવા માટે જવાબદાર બની શકે છે.

## રમતવીરોને ખરેખર લાભ થાય તેવી રમતો રોજગાર માર્ગદર્શન યોજનામાં ઉમેરવા માંગ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા રમતવીરોને રોજગાર માર્ગદર્શન માટે નવી યોજના ઉભી કરેલ છે પરંતુ આ યોજનામાં ખેલાડીઓને રોજગારમાં લાભ થાય તેવી રમતો ઉમેરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. નજીકના સમયમાં આવનાર આશરે ૩૦ હજાર જેટલી જગ્યાઓની ભરતી પહેલા આ રમતો ઉમેરવામાં આવે તો ખેલાડીઓને ફાયદો થાય તે માટે મુખ્યમંત્રી અંગત રસ લઈને ખેલાડીઓના હિતમાં જીઆર બહાર પાડે તેવી રમતવીરો આશા રાખી રહ્યા છે તેવું ડીઓપીટી એકશન કમીટીના કન્વીનરે અખબારી યાદીમાં જણાવ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ૧૨ જેટલા એસોસિએશન તથા વ્યાયામ મંડળોએ ખેલાડીઓના હિત માટે સરકારમાં વિવિધ સ્તરે રજુઆતો કરી છે અને અન્ય રાજયો-કેન્દ્રશાસિત પ્રદેશોએ કેન્દ્ર સરકારના ધોરણે ૬૩ રમતોને આવરી લીધી છે તે રીતે ગુજરાતમાં પણ રમતોને આવરી લેવી જોઈએ તેવો કમીટીનો અભિપ્રાય છે.



સૌરાષ્ટ્રના વિખ્યાત શ્રદ્ધાધામ એવા પાળિયાદના વિસામણબાપુ મંદિરના ગાદીપતિશ્રી ભઈલુબાપુ દ્વારા ગાંધીનગરના મેયર રીટાબેન પટેલનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત કોર્પોરેટર હર્ષાબા ધાધલે જણાવ્યું છે કે, રીટાબેન પટેલને સફળ મહિલા મેયર તરીકેનું સ્મૃતિપત્ર પણ એનાયત કરવામાં આવ્યુ હતું. આ શુભ પ્રસંગે જૂનાગઢના પૂ. શેરનાથબાપુ, પૂ. પ્રેમાનંદ સ્વામી અને પૂ. ઈન્દ્રભારતીબાપુની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## શહેરની ૫૦.૬૮ લાખની છેતરપિંડીના ગુનામાં વધુ એક આરોપીની અટકાયત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા યુવાનને ઠગ ટોળકીએ રૂ.૫૦.૬૮ લાખ ચુનો ચોપડ્યો હતો. ફેસબુકના માધ્યમથી મિત્ર બનેલી યુવતિની લોભામણી વધુ રૂપીયા કમાવાની લાલચમાં આવી જઈને રૂપીયા ગુમાવ્યા હતા. શહેરના યુવાને સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો એક આરોપીને ઝડપી પાડ્યો હતો. ત્યારે રાજસ્થાનના ઉદેપુરથી વધુ એક આરોપીની પોલીસે ધરપકડ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકમા નોંધાયેલી ફરીયાદ મુજબ સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા વિજયપ્રકાશ રમાશંકર શુકલ (ઉં.૪૨) ડિસેમ્બર-૧૮ ના રોજ ફેસબુક પર એમીલી જોન્સન નામની યુવતિની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. આ જે ફરીયાદીએ સ્વીકારી હતી અને વાતચીત શરુ થઈ હતી.જેમાં એમીલીએ તો યુકે માં સ્પેશિયાલીસ્ટ હેલ્થકેર ફાર્મા કંપનીમાં પર્ચેઝ મેનેજર હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ભાગીદારીમાં મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ ઓછા ભાવે ખરીદીને પોતાની જ કંપનીમાં ઉંચા ભાવે વેચવાની લોભામણી લાલચ આપી હતી.યુવતિએ ફરીયાદીને બજારમાંથી રૂ.૧.૯૦ લાખમાં ખરીદેલ નટ્સના પેકેટ ૪.૫૫ લાખમાં વેચવાનું કહ્યું હતું. જેથી યુવકે ૪૦૦ ગ્રામના નટ્સના ૩૫ પેકેટ રૂ.૧.૯૦ના ભાવે ખરીદી કર્યા હતા. યુવકને વધુ પેકેટ ખરીદી માટે દબાણ થતા ફરીયાદીએ શંકાના આધારે તપાસકરતા પોતે રૂ.૧.૯૦ લાખમાં લીધેલુ પેકેટ માત્ર ૧૦ હજારના મળતા હોવાનું ધ્યાને આવ્યું હતું. સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે વધુ એક આરોપી મનિષ પારસમલ જૈન (ઉં.૪૦, રહે. ૭૦૧ હીતાવાલા સ્ટાર ઉદેપુર)ને તેના ઘરેથી દબોચી લીધો હતો. ઉદેપુર કાલકા ખાતે રહેતા લોકેન્દ્રસિંહ ચંદનસિંહ સકતાવતને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરીયાદીએ જાન્યુઆરીથી જુલાઈ સુધી વિવિધ ખાતામાં રૂપીયા જમા કરાવ્યા હતા, જેમા એક ખાતુ મનિષનું પણ હતું.




પથિકાશ્રમ સર્કલને નવો લુક આપવાનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે. આસપાસના માર્ગનું પણ નવીનીકરણ થઈ રહ્યું છે. વિશેષ થીમના આધારે તેને નવો લુક આપવામાં આવી રહ્યો છે.

## વન્ય પ્રાણીઓ અને અભ્યારણો અંગે રોટરી કલબ ઓફ કેપિટલનો માહિતીપ્રદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા અમદવાદની રોટરી કલબ અસ્મિતા અને કલોલની રોટરી કલબના સયુંકત ઉપક્રમે વન્ય પ્રાણીઓ તથા વન્યસંપત્તિ અભ્યારણ અંગે વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નિવૃત્ત વન અધિકારી ઉદયભાઈ વોરાએ વન્ય પ્રાણીઓ તથા ગુજરાતના અભ્યારણો અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

કાર્યક્રમમાં અમદાવાદની રોટરી કલબ અસ્મિતાના પ્રમુખ વર્ષાબહેન પ્રજાપતિ દ્વારા 'ફોર વે ટેસ્ટ'નું વાંચન કરવામાં આવ્યું હતું. રોટરી કલબ કલોલના પ્રમુખ રસિકભાઈ હરિયાણી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે રોટરી કલબ ઓફ કેપિટલના પ્રમુખ ઈલાબહેન વોરાએ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા પ્રસ્તુત કરી હતી જયારે કાર્યક્રમના સમાપને રોટરી કલોલના મંત્રી ગણેશ ચૌબલે આભારદર્શન વ્યકત કર્યું હતું. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ગાંધીનગર ઉપરાંત અમદવાદ અને કલોલના રોટેરિયન સભ્યો પણ જોડાયા હતા તેવું સંસ્થાના સચિવ હસમુખ મેકવાને અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સે-૩૦ પુલ પર અજાણી કારની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સેકટર-૩૦ પુલ પર બાઈક ચાલક યુવાનને અજાણી કારના ચાલકે ટકકર મારતા યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માતમાં માર્ગ પર પટકાતા યુવાનને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. પરંતુ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા બાઈક ચાલક યુવકનો જીવ બચી શક્યો ન હતો. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે મૃતકના મામાની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુરેન્દ્રનગરના લખતરના ક્રિપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલા (ઉં.૨૭) લેકાવાડા ખાતે રહેતા હતા. મંગળવારના રોજ સવારે યુવક બાઈક લઈને લેકાવાડાથી ગાંધીનગર તરફ જઈ રહ્યા હતા.તે સમયે સેકટર-૩૦ સાબરમતિ નદીના પુલ પર કોઈ અજાણ્યા વાહનની અડફેટે આવી જતા માર્ગ પર નીચે પટકાયા હતા. જેથી ક્રિપાલસિંહને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ને બોલાવી ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ માથાના ભાગે ગંભીર ઈજાને પગલે યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. ઘટનાની જાણ થતા ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા લેકાવાડા થી મામા સહિતનો પરિવાર ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. અકસ્માત અંગે મૃતકના મામા અજીતસિંહ રાઠોડની ફરીયાદ લઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સાતમા પગારપંચની પડતર માંગણીઓના સંદર્ભમાં વીજ કર્મચારીઓની આંદોલનની ચિમકી

### ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિના નેજા હઠળ રાજયની સાતેય વીજકંપનીના કર્મચારીઓ માંગણીઓ નહીં સંતોષાય તો ૧૬મી જાન્યુઆરીથી આંદોલન કરશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિ દ્વારા સાતમા પગાર પંચના ભાગ-૨ની અમલવારી માટે નકકી થયેલા મુદ્દાઓને જીયુવીએનએલ બોર્ડ અને ઉર્જા વિભાગ દ્વારા મંજુર કર્યા બાદ રાજય સરકાર દ્વારા મંજુરી આપવાની બાકી હોવાથી તેમજ સંલગ્ન પડતર માંગણીઓના સંદર્ભે આંદોલન કરવાની નોટીસ પાઠવવામાં આવી છે. આ નોટીસ અનુસાર તા. ૧૬મી જાન્યુઆરીથી આંદોલન પ્રારંભ કરાશે જેમાં સુત્રોચ્ચારથી માંડીને તમામ વીજકંપનીઓના અધિકારીઓ-કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરશે અને તા. ૨૧મી જાન્યુઆરીએ માસ સીએલ પર ઉતરશે.

વૈશ્વિક કોરોના મહામારીમાં પણ રાજયની સાતેય વીજ કંપનીના આશરે ૫૫ હજાર જેટલાં કર્મચારીઓ-અધિકારીઓ-ઈજનેરોએ તેમની ફરજ બજાવી છે પરંતુ રાજય સરકાર દ્વારા તેમના વ્યાજબી હક્ક અને એલાઉન્સ રૂપે આપેલ પાંચમા વેતનપંચની અમલવારી જે ચોથા વેતનપંચ સમયે સરકારે મંજુર કરી હતી અને પાંચમા વેતનપંચની અમલવારી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૪૦ ટકા વેઈટેજ મુજબ બેઝીક સુધાર્યો હતો જે અકબંધ રાખવા પાંચમા વેતનપંચની અમલવારી સમયે ૩૦ ટકા વેઈટેજ મુજબ સુધારો કર્યો હતો તે એલાઉન્સની રાજય સરકારે અન્ય વિભાગ સાથે સરખામણી કરીને તેની મંજુરી અટકાવી રાખી છે જે અન્યાયકર્તા હોવાનું જણાવતા વારંવાર સંકલન સમિતિ તથા જીયુપીએનએલ સંલગ્ન સાતેય કંપનીઓના માન્ય યુનિયન-એસોસિએશનો દ્વારા વિનંતીઓ કરવા છતાં તે મંજુરી આપવામાં આવી ના હોવાથી સંકલન સમિતિ દ્વારા આંદોલનની નોટીસ આપવામાં આવી છે. આ નોટીસ અનુસાર જો સરકાર દ્વારા વીજ કર્મચારીઓની માંગણી નહીં સંતોષાય તો આગામી તા. ૧૬મી જાન્યુઆરીએ તમામ વીજ કર્મચારીઓ-અધિકારીઓ સુત્રોચ્ચાર કરી દેખાવો કરશે. તા. ૧૭મીથી તા. ૨૦મી જાન્યુઆરી સુધી ફરજ પર કાળી પટ્ટી ધારણ કરીને કામ કરશે તથા તા. ૨૧મી જાન્યુઆરીએ માસ સીએલ પર ઉતરશે.

### વીજ કર્મચારીઓની માંગણીઓ

**તમામ વીજ કર્મચારીઓ વતી ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિ દ્વારા જે માંગો કરવામાં આવી છે તે અનુસાર સાતમા વેતનપંચની અમલવારી પછી સુધારેલ બેઝીક ઉપરના તમામ એલાઉન્સ ૦.૮૦ મેટ્રીકસ મુજબ તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૬થી ચુકવી આપવા, બાકીના એલાઉન્સ અને એડવાન્સ અંગે યુનિયન એસોસિએશન તથા મેનેજમેન્ટ વચ્ચે થયેલ સમાધાનનું પાલન કરી બે માસની મર્યાદામાં નિકાલ લાવવા, હાઉસિંગ લોન અને અન્ય એડવાન્સની રકમમાં વધારો કરવા, વિદ્યુત સહાયકોના સમયગાળા બાબતે, એચઆરએ, સીએલએ કેન્દ્ર સરકાર આધારિત જાહેર કરી સાતમા વેતન પંચના સંપૂર્ણ મુદ્દાઓને સાંકળી ટુ પાર્ટી કરાર કરવાની માંગોનો સમાવેશ થાય છે.**

## શહેર વસાહત મહામંડળ દ્વારા શ્રમિકોને ધાબળા વિતરણ




ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કડકડતી ઠંડીમાં અને તાપમાં પગ રક્ષણ પુરું પાડવામાં આવે છે અને સંસ્થા દ્વારા જીવસૃષ્ટિને બચાવી પર્યાવરણ બચાવવાનો સંદેશો આપે છે. આમ જ વસાહત મહામંડળની ઠંડીમાં હુંફ પહોંચાડવાની ઝુંબેશના ભાગરૂપે જનતાના સહયોગથી અંતિમધામ સે-૩૦ રૂદ્રભૂમિ અંતિમધામ કુડાસણના સેવા સૈનિકો તથા ડમ્પીંગ સાઈટના સેવકોને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આજે વનચેતના, રાજભવન નર્સરી, આદિવાડા, જીટીએસ નર્સરી, સે-૧૭ નર્સરીના વનશ્રમિકોને સ્થાનિક ડીએફઓના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ દેસાઈ, ચૌધરીભાઈ, હરગોવિંદભાઈ સહિત કર્મચારીગણોના સહકારથી વિતરણ કાર્ય સફળ બનાવવામાં આવ્યું હતું. મહામંડળના અરૂણભાઈ બુચ, પ્રદિપ સોલંકી, દિનેશસિંહ ચાવડા, બી.એ. શુકલ, કિશોર જીકાદરા, ભાનુભાઈ દવે, સુદિર દેસાઈ, શશીકાંત મોઢા, નિલેન્દુભાઈ વોરા તમામે આ કાર્યમાં ભાગ લીધો હતો. આગામી દિવસમાં પણ આ ઝુંબેશ ચાલુ જ રાખવામાં આવશે તેમ મહામંડળના પ્રમુખ દ્વારા જણાવાયું છે.



ગાંધીનગરના અગ્રણી બિપીનભાઈ રાવલ દ્વારા અમદાવાદ રેડક્રોસ સોસાયટીને જરૂરિયાતમંદ માટે પ્લાઝમા ડોનેશન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. રાઠોડ રમેશચંદ્ર કેશવલાલ, ઉ.વ. ૮૦, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. હંસાબેન રસિકલાલ જોખાકર, ઉ.વ. ૮૪, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. શકુન્તલા મગનભાઈ વાઘેલા, ઉ.વ. ૫૬, નવાપરા, બોરીજ, ગાંધીનગર
- સ્વ. કૃષ્ણકાંત બળદેવભાઈ પટેલ, ઉ.વ. ૪૯, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. દંતાણી ધુળીબેન વશરામભાઈ, ઉ.વ. ૬૫, આદીવાડા, સે-૨૮, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ બળદેવભાઈ મોહનદાસ, ઉ.વ. ૬૫, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. કાશીબેન ઠાકરશીભાઈ માણિયા, ઉ.વ. ૮૪, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. છાકોર મહોતજી મોતીજી, ઉ.વ. ૬૬, ઝુંડાલ, તા.જી. ગાંધીનગર